# રાજાનું કર્તવ્ય

વડોદરા સ્ટેટના મહારાજ સર સયાજીરાવ ગાયકવાડ એક વાર રાજકારભારમાંથી પરવારી પોતાના ચતુર મંત્રી સાથે નગરચર્ચા જોવા નીકળ્યા. તે બંનેએ વેશપલટો કર્યો હોવાથી તેમને કોઈ ઓળખી શકે તેમ નહોતું. તેઓ નગરથી દૂર ખેતરોના રસ્તે ગયા. રસ્તામાં એક ખૂબ જ વૃદ્ધ ખેડૂત – વિધવા પોતાના ગુજરાન માટે લાકડાનો ભારો બાંધી ઉઠાવવા કોશિશ કરતી હતી, પણ અશક્ત શરીર હોવાથી વજનદાર ભારો ઉપાડવામાં તકલીફ પડતી હતી. રાજા અને મંત્રીએ એકસાથે આ દૃશ્ય જોયું. રાજાએ એકાએક પોતાના ઘોડા ઉપરથી ઊતરી વૃદ્ધ બાઈને ભારો ઊંચકવામાં મદદ કરી અને તે વિધવા ભારો ઉપાડી આશીર્વચનો બોલતી ચાલવા માંડી. રાજાએ એક વિશિષ્ટ નજરથી મંત્રી તરફ જોયું અને કહ્યું, ''તે વિધવાને માથે ભાર ચઢાવવામાં મેં મદદ કરી તે પ્રજા પ્રત્યેની ફરજના પાલનનો એક ભાગ જ હતો ને !'' મંત્રી પણ ખૂબ જ ચતુર હતા. તેમણે તુરંત કહ્યું, ''રાજા પ્રજાને માથે ભાર ચઢાવે નહીં પણ ઉતારે.'' રાજા મંત્રીનું કહેવું સમજી ગયા. બીજે દિવસે તેમણે તે વૃદ્ધાને રાજમહેલમાં બોલાવી અને તે જીવે ત્યાં સુધી તેને નિર્વાહની માસિક રકમ બાંધી આપી. આવા હતા પ્રજાવત્સલ રાજાઓ અને તેમના વિચક્ષણ મંત્રીઓ.



('પ્રેરક વાર્તાઓ' માંથી)

■